## :: પ્રેસનોટ ::

### "શ્રી કૃષ્ણકાંત ભુખણવાલાને કલા–સ્મરણાંજલિ"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૧૨/૨૦૧૬ને રવિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસકપક્ષ નેતા શ્રી ગિરિજાશંકર મિશ્રા, ફિલ્મ અને નાટક જગતના શ્રી દિપકભાઈ ઘીવાલા, શ્રી રાગિણીબેન શાહ, શ્રી બિરેનભાઈ કોઠારી, શ્રી બકુલભાઈ ટેલર, શ્રી મુકુલભાઈ ચોકસી અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહની વિશેષ ઉપસ્થિતિમાં ફિલ્મ અને રંગભૂમિ ક્ષેત્રના યાદગાર સર્જક કલાકાર, સુરતના સપૂત શ્રી કૃષ્ણકાંત ભુખણવાલાને "કળા–સ્મરણાંજલિ"નું આયોજન ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવેલ હતું. હિન્દી અને અંગ્રેજી ફિલ્મોના ચરિત્ર અભિનેતા, નિર્માતા, દિગ્દર્શક અને સુરતના પોતીકાપુત્ર શ્રી કે. કે. ભુખણવાલાએ ૧૧૫ હિન્દી અને ૧૩ ગુજરાતી ફિલ્મોમાં દિગ્દર્શન–અભિનય કર્યાં હતા.

આ કાર્યક્રમમાં શ્રી દિપકભાઈ ઘીવાલા, શ્રી રાગિણીબેન શાહ અને શ્રી બિરેનભાઈ કોઠારીએ શ્રી કૃષ્ણકાંત કે. ભુખણવાલાના જીવનની છબી તાજી કરાવી હતી. શ્રી નરેશભાઈ કાપડિયા દ્વારા ખાસ ઓડીયો–વિઝયુઅલ પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવેલ જેમાં શ્રી કૃષ્ણકાંત ભુખણવાલાના રંગભુમિ સાથે સમયગાળો પ્રસ્તુત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી બિરેનભાઈ કોઠારી દ્વારા શ્રી કૃષ્ણકાંત ભુખણવાલાના જીવન વિશે અવનવી વાતો જણાવવા મળી હતી. એમના જણાવ્યા મુજબ, 'ગુજરા હુઆ જમાના' શ્રી કૃષ્ણકાંતજીની પોતાની રચના હતી. તેમની સુંદર ફિલ્મ રચના "જીવણો જુગારી"માં માસ્તરની ભૂમિકા અદા કરી હતી અને ફિલ્મ જગતના મશહુર અભિનેતા દિલીપકુમાર તેમને તેમના અભિનય માટે માસ્તર કહીને જ બોલાવતા હતા. તેમણે આ ઉપરાંત 'પરાયા ધન' અને 'મજદૂર'માં ભુમિકા દ્વારા ફિલ્મ જગતમાં ચમકવવાનો મોકો મળ્યો હતો. 'પરાયા ધન'ની બંગાળી આવૃતિમાં 'બિચાર'માં પણ જોવા મળ્યા હતા. તેઓએ ઘણી બધી ગુજરાતી કે. કે. સાહેબને આ પગલે અનેક નાટકોની અને ફિલ્મો ઓફર થઈ હતી.

આ કાર્યક્રમાં શહેરના વડીલ પ્રેક્ષકોએ હાજરી આપી શોભામાં અભિવૃધ્ધિ કરેલ.

સમાચારયાદી નં. 1482, તા.૦૫/૧૨/૨૦૧૬, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.




સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૧૨/૧૬ના રોજ ગાંધી સ્મૃતિ ભવન ખાતે આયોજીત ફિલ્મ અને રંગભૂમિ ક્ષેત્રના યાદગાર સર્જક કલાકાર, સુરતના સપૂત શ્રી કૃષ્ણકાંત ભુખણવાલાને ''કલા–સ્મરણાંજલિ''માં ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસક પક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, શ્રી દિપકભાઈ ધીવાલા, શ્રી રાગિણીબેન શાહ, શ્રી બિરેનભાઈ કોઠારી તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

૧૪૮૩

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા પબ્લિક ટ્રાન્સપોર્ટેશન અંતર્ગત સુરત સીટી બસની કુલ ૪ રૂટમાં શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં કુલ ૫૦ કી.મી. નો શહેરી વિસ્તાર આવરી લેવામાં આવેલ છે. હાલમાં તા. ૨૫/૧૧/૨૦૧૬ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે મા. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે સુરત સીટીબસના ચાર રૂટ (૧) સુરત રેલ્વે સ્ટેશન થી વિવેકાનંદ કોલેજ(જહાંગીરપુરા) (૨) ચોક થી ડિંડોલી (૩) ચોક થી લક્ષ્મીધામ સોસાયટી(વેડ) તથા (૪) ચોક થી ઉન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સુધીના રૂટ શરૂ કરવામાં આવેલ છે.

તા.૨૫ નવેમ્બર, ૨૦૧૬ થી તા. ૦૨ નવેમ્બર, ૨૦૧૬ સુધી આ વિસ્તારના શહેરીજનો સુરત સીટી બસ સેવાથી માહિતગાર થાય તથા તેનો મહત્તમ લાભ લે એ હેતુસર સુરત સીટી બસની સેવા આ ચારેય રૂટમાં ફ્રી રાખવામા આવેલ જેમાં તા. ૦૨/૧૧/૨૦૧૬ સુધીમાં કુલ ૧૭,૦૨૫ મુસાફરોએ સુરત સીટી બસની સેવાનો લાભ લીધેલ છે જેમાં દિવસે દિવસે મુસાફરોની સંખ્યામાં વધારો જોવા મળેલ છે. આમ, સુરત શહેરના શહેરીજનો શહેરની સીટી બસની સુવિધાથી માહિતગાર થાય તથા તેનો મહત્તમ લાભ લે તે હેતુસર સીટી બસની સેવા વધુ ૧૫ દિવસ એટલે કે તા.૧૭/૧૨/૨૦૧૬ સુધી આ તમામ રૂટ ઉપર સીટી બસની સેવા ફ્રી રાખવામાં આવેલ છે. સુરત સીટી બસની સેવાનો જે રીતે શહેરીજનોએ પ્રતિસાદ આપ્યો છે તેવા જ પ્રતિસાદની અપેક્ષા ભવિષ્યમાં પણ મળી રહે તેવી અપેક્ષા શહેરીજનો પાસેથી રાખવામાં આવે છે.

જાહેર પરિવહનના ભાગરૂપે સુરત સીટી બસની સેવા તેમજ BRTS બસની સેવાનો લાભ લેવાથી શહેરના ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થશે. શહેરીજનો રિક્ષા ને બદલે બસનો ઉપયોગ કરે તો ટ્રાફિકમાં પણ ઉત્તરો-ઉત્તર ઘટાડો થશે તેમજ પ્રદૂષણમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે જે પર્યાવરણ માટે પણ એક આશિર્વાદ સમાન બની રહેશે. આમ, શહેરના દરેક નાગરિકને સુરત સીટી બસની સેવાનો મહત્તમ લાભ લેવા વિનંતિ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 1483
તા. ૫-૧૨-૨૦૧૬

૧૪૮૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૪/૧૨/૧૬નાં રોજ "નેવી ડે" તેમજ તા.૦૭/૧૨/૧૬નાં રોજ "ફલેગ ડે" નિમેતે તા.૦૩/૧૨/૧૬ દરમ્યાન પોલીસ વિભાગ અને સૈનિકોનાં સહયોગથી સંયુકત મહાસફાઈ અભિયાન તથા ડ્રાય ડે(વાહક જન્ય રોગ નિયત્રંણ)નું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૦૩/૧૨/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પોલીસ વિભાગ, સૈનિકો તથા આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી સ્લમ વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 35489 | 71739 | 320 | 8232 | 857 | 1831 | 98 | 23050 | 60 | 25994 | 12926 |

વધુમા પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી તેમજ રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.

૧૪૮૫

## પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૦૫/૧૨/૨૦૧૬ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન સરદાર સ્મૃતિ ભવન માનગઢ ચોક, વરાછા, સુરત ખાતે મહાનગર પાલીકા દ્વારા પ્રથમ 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાયક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમ સંદર્ભે માનનીય દંડકશ્રી અજયભાઈ ચોકસીએ જણાવ્યુ હતુ કે સરકારશ્રીની વિવિધ યોજનાઓનો એકજ જગ્યાએથી લાભ મળવાથી લાભાર્થીઓનો સમય, શકિત અને નાણાનો બચાવ થાય છે તેમજ ત્વરીત લાભ મળે છે. સરકારશ્રીની આ લોકો પ્રત્યેની લાગણીનુ સરાહનિય પગલુ છે. કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમારે પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ કે સરકારની લોકોને સામેથી સેવા પુરી પાડવાની આ સેવાસેતુ રૂપી પહેલથી લોકોને ખુબ જ અનુકૂળતા સાથે ઝડપથી તેઓને રજુઆતોનો નિકાલ કરી શકાશે. આ પ્રસંગે ડે. મેયરશ્રી શંકરભાઈ ચેવલી, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનશ્રી રાજેશભાઈ દેશાઈ, ધારાસભ્યશ્રી કુમારભાઈ કાનાણી, જનકભાઈ બગદાણાવાળા, શ્રીમતિ સંગીતાબેન પાટીલ, કમીશનરશ્રી સુરત મહાનગર પાલીકા, કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા મ્યુ. સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ.

સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, મહેસુલ વિભાગ સમાજ સુરક્ષા, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ વગેરે દ્વારા કુલ ૩૫ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ .... લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.





૧૪૮૬

# :: પ્રેસનોટ ::

**"સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૪મી નાટ્ય સ્પર્ધા(સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા)નો શુભારંભ"**

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતી આવી છે. શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૪મી નાટ્ય સ્પર્ધા(સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા)નું આયોજન તા.૦૫/૧૨/૨૦૧૬ થી તા.૧૬/૧૨/૨૦૧૬ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવેલ છે.

આ ૪૪મી નાટ્ય સ્પર્ધા(સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા)નો શુભારંભ તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ રાત્રે ગાંધી સ્મૃતિ ભવન ખાતે મા.ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, મ્યુ.કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, આસી.મ્યુનિ.કમિશનરશ્રી કમલેશભાઈ નાયક, નિર્ણાયકશ્રી પ્રકાશભાઈ લાલા(ગાંધીનગર), શ્રીમતી અન્નપૂર્ણાબેન શુકલા(અમદાવાદ), શ્રી રવિન્દ્રભાઈ પારેખ(સુરત)ના હસ્તે દિપપ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. નાટ્ય સ્પર્ધાના પ્રથમ દિવસે થીએટર ઓફ જનરેશન નેકસ્ટ સંસ્થા દ્વારા "ધ કેરેકટર" નાટક રજુ થયું હતું. ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે રજુ થયેલ આ નાટકને શહેરના નાટ્ય રસિક નગરજનોએ માંણ્યું હતું. હવે પછી નીચે મુજબના નાટકો દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે. **નાટ્ય સ્પર્ધાના પ્રવેશપાસ રોજે રોજ ગાંધી સ્મૃતિ ભવન ખાતેથી સાંજે ૪ થી ૬ કલાક દરમ્યાન મળી શકશે.**

## :: ૪૪મી નાટ્ય સ્પર્ધા(સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા)માં હવે પછી રજુ થનાર નાટકો ::

| ક્રમ | તારીખ | વાર | સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૦૬/૧૨/૨૦૧૬ | મંગળવાર | દિપ આર્ટસ્ | કથા |
| ૨ | ૦૭/૧૨/૨૦૧૬ | બુધવાર | ડાયમંડ સીટી પ્રોડકશન્સ | ચેક મેટ |
| ૩ | ૦૮/૧૨/૨૦૧૬ | ગુરૂવાર | નવરંગ આર્ટસ | સંસારની સેમી ફાઈનલ |
| ૪ | ૦૯/૧૨/૨૦૧૬ | શુક્રવાર | ૫. ૨. મ | તા.૭મે ને મંગળવાર |
| ૫ | ૧૦/૧૨/૨૦૧૬ | શનિવાર | રાજ ગૃપ થીયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | અંજી |
| ૬ | ૧૧/૧૨/૨૦૧૬ | રવિવાર | રંગકર્મી | જે તરફ તું લઈ જશે |
| ૭ | ૧૨/૧૨/૨૦૧૬ | સોમવાર | આર્ટીઝમ થિયેટર | દેવદાસીની |
| ૮ | ૧૩/૧૨/૨૦૧૬ | મંગળવાર | ફોરમ આર્ટસ | "ક" કતલનો "ક" |
| ૯ | ૧૪/૧૨/૨૦૧૬ | બુધવાર | મલ્હાર | અલિખિત |
| ૧૦ | ૧૫/૧૨/૨૦૧૬ | ગુરૂવાર | સમાંતર થીએટર | હાથી રાજા |
| ૧૧ | ૧૬/૧૨/૨૦૧૬ | શુક્રવાર | સ્વરમ્ એન્ટરટેઈનર | સરિતા |




સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ ગાંધી સ્મૃતિ ભવન ખાતે આયોજીત ૪૪મી નાટ્ય સ્પર્ધા(સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા)નો દિપ પ્રાગ્ટ્ય કરી શુભારંભ કરાવતા મા.ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, મ્યુ.કમિશ્નરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ અને નિર્ણાયકશ્રીઓ દ્રશ્યમાન છે.

૧૪૮૭

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૫.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦/– લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૬ લોકેશન (ખાડા) ૫૫૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૩૮.૪૬** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૭ લોકેશન (ખાડા) **૧૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૧૯૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ ૦૩**,** પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૪** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૨૮૫** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૮.૫૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૯૧** લાખ થયેલ છે., **૫** EC તથા ૩ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૬૩૨**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૮૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.**, **૩૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૦** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૧૯૮.૯૧૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૬,૧૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૫૮૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૬૨૬** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૮** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૧૩** કરવામાં આવેલ છે. જયારે **૬૦** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૪૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૩.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩ ફાઈલના **રૂા.૦.૦૬ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૭ લોકેશન (ખાડા) ૭૨૯.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૫૦.૩૭** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૫** લોકેશન (ખાડા) **૪૩૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૭ લોકેશન, **૧૪૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન(ઉધના) માં પાંડેસરા જી.આઈ.ડી.સી. તેમજ ઉન જકાતનાકા પાસેથી ૦૮ લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ., તથા **રૂા.૨૩૦૦/–** વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલતથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૩** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૪૨** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૭.૪** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૦૦** લાખ થયેલ છે., **૧૮** EC તથા **૧૨** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૬,૦૧૧/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૫૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૦** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૨૦.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૭૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :૮૨૫૮ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૧૭૧૪૮** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૪૪** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૪૩૫** કરવામાં આવેલ છે. જયારે **૧૧** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૧૨/૨૦૧૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી ડામરના રસ્તા બનાવવાની કામગીરીનો પાયલોટ પ્રોજેકટ ધ્વારા શુભારંભ કરવામાં આવનાર છે.

સ્થળ : રીલાયન્સ ચોકડી પાસે,બી.આર.ટી.એસ. રૂટ પર, કોસાડ આવાસ પાસે, અમરોલી–સાયન રોડ પર આવેલ હોટમીક્ષ પ્લાન્ટ પર.

૧૪૯૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૪/૧૨/૧૬નાં રોજ **"નેવી ડે"** તેમજ તા.૦૭/૧૨/૧૬નાં રોજ **"ફ્લેગ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૫/૧૨/૧૬ તથા તા.૦૬/૧૨/૧૬ના દરેક ઝોન વિસ્તારમાં આવેલ તમામ પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીમાં સફાઈ અભિયાનનો કાર્યક્રમ કરવા માટે જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૦૫/૧૨/૧૬ તથા તા.૦૬/૧૨/૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાના દરેક ઝોન વિસ્તારમાં આવેલ તમામ પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીમાં તેમજ તેની આજુબાજુના વિસ્તારોમાં ધનિષ્ઠ સફાઈ કામગીરી કર્યા બાદ જંતુનાશક પાઉડરનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

| પોલીસ સ્ટેશન/પોલીસ ચોકીની સંખ્યા | નગરજનોની સંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | જંતુનાશક પાઉડર(કિ.ગ્રા) | નિકાલ કરેલ કચરો( મે.ટન) |
|---|---|---|---|---|---|
| 112 | 224 | 21 | 105 | 99 | 2.240 |

વધુમાં પોલીસ ચોકી/સ્ટેશનોના કર્મચારીઓએ નગરજનોને સ્વચ્છતા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૪૯૧

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૬.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૦.૦૭/– લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૬ લોકેશન (ખાડા) ૫૫૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૮.૪૬** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન (ખાડા) **૧૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૧૯૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી.૫૭ (પાંડેસરા)માં કાંતિનગર પાસે મારૂતી ઈન્ડ. ની પાછળ દક્ષેશ્વર મહાદેવ મંદિર પાસેના ૧૨.૦૦ મી. ની પહોળાઈના ટી.પી. રસ્તામાં નડતરરૂપ ૨૦૦૦ ચો.ફુટ વિસ્તારમાંથી કાચા ઝુપડાવાળું બાંધકામ દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ ૬૦ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૮.૬૯** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૬૮** લાખ થયેલ છે., **૧૪** EC તથા **૬** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૭,૨૪૫**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૮૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**., ૧૯૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૪** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૩૦.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૦૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૧૧૭૧૩** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬૦૯૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૮** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૯૮** કરવામાં આવેલ છે. જયારે **૫૩** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૫૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૪૯૨

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૬/૧૨/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી.૫૭ (પાંડેસરા)માં કાંતિનગર પાસે મારૂતી ઈન્ડ. ની પાછળ દક્ષેશ્વર મહાદેવ મંદિર પાસેના ૧૨.૦૦ મી. ની પહોળાઈના ટી.પી. રસ્તામાં નડતરરૂપ ૨૦૦૦ ચો.ફુટ વિસ્તારમાંથી કાચા ઝુપડાવાળું બાંધકામ દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

## -: પ્રેસ નોટ :-

મા. પ્રધાનમંત્રીશ્રીના સ્વચ્છતા મિશનના ભાગરૂપ સુરત શહેરમાં ઉત્પન્ન થતા ઘન કચરા પૈકીના પ્લાસ્ટીક વેસ્ટના ડીસ્પોઝલની સમસ્યાના નિવારણ કરવાના હેતુસર મે.કમિશનરશ્રી દ્વારા રોડ બનાવવાની ટેકનોલોજીમાં પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરવામાં આવે તો પ્લાસ્ટીકના ડીસ્પોઝલની સમસ્યા કેટલેકઅંશે ઓછી થાય અને ડીસ્પોઝલના કારણે વાતવરણમાં થતી પ્રદુષણની અસરો ઓછી કરી શકાય. તે પ્રકારનું સુચન કરવામાં આવેલ.

જે અન્વયે "IRC:SP:98-2013" Guide line for the use of waste plastic in hot bituminous mix (Dry process) ને અનુસરીને સુરત મહાનગરપાલિકા દ્વારા ટેન્ડરો મંગાવી કામગીરી હાથ ધરેલ છે. જે માટે પ્રાયોગિક ધોરણે કતારગામ ઝોન, વરાછા ઝોન તથા ઉધના ઝોન વિસ્તારમાં એક–એક રોડને પાઈલોટ પ્રોજેક્ટ તરીકે પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી રોડ બનાવવાની શરૂઆત કરવામાં આવેલ છે.

**પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરીને રોડ બનાવવાના ઘણાં ફાયદાઓ ધ્યાને આવેલ છે. જે પૈકી મુખ્ય ફાયદાઓ નીચે મુજબ છે.**

- પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરવાથી શહેરમાં ઉત્પન્ન થતાં પ્લાસ્ટીકના કચરાનો નિકાલ સરળ બનશે અને લેન્ડ ફીલ સાઈટને તથા બાળવાની પ્રક્રિયામાં મહદ્અંશે મુકતી મળે છે. જેથી પ્રદુષણમાં પણ ઘટાડો થઈ શકશે.
- આ મીક્ષ બનાવતી વખતે પ્લાસ્ટીક પીગળતાં કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન થતું નથી. તેથી ગ્લોબલ વોર્મીંગમાં ઘટાડો કરવા મદદરૂપ થઈ શકે. તથા તેને આધારે કાર્બન ક્રેડિટ પણ મેળવી શકાય.
- સ્ટોન એગ્રીગેટની ફરતે પ્લાસ્ટીકનું કોટીગ થઈ જવાથી પાણી શોષાતુ નથી. તથા પ્લાસ્ટીક બીટયુમીન મીક્ષ વધુ પ્રમાણમાં બાઈન્ડીગ પ્રોપર્ટી ધરાવતું હોવાને કારણે તેમાં પાણી ઉંડે સુધી ઉતરી શકતુ નથી. જેથી ઉપરની સપાટી ભેજરહિત રહેવાના કારણે રસ્તાના ધોવાણ કે ખાડા પડવાની મુશ્કેલી કેટલેકઅંશે નિવારી શકાય છે.
- બિટયુમીનમાં પ્લાસ્ટીકના ઉપયોગને કારણે તેના મીક્ષનો સોફટનીગ પોઈંટ ઉંચો જાય છે. જેથી ઉનાળાના ગરમ હવામાનમાં ૪૦°–૪૫° સે. દરમ્યાન બિટયુમીનના બ્લીડીગની સમસ્યા ઓછી થાય છે.
- આ મીક્ષ વધુ પ્રમાણમાં એસીડ પ્રતિરોધક ક્ષમતા ધરાવે છે.
- પ્લાસ્ટીક બિટયુમીન મીક્ષની બોન્ડીગ કેપેસીટી વધારે છે. જેથી રોડની વધુ લોડ સામે ટકી રહેવાની ક્ષમતામાં વધારો થઈને, રોડનો ઘસારો અટકે છે. સાથો સાથ તીરાડો પડવાનું તેમજ બ્લીડીગ મોટા પ્રમાણમાં ઘટે છે.

- પીગળેલા પ્લાસ્ટીકનું એગ્રીગેટ સાથે કોટીંગ થયા બાદ તૈયાર થયેલ બીટ્યુમીન મીક્ષ હાઈ કોમ્પ્રેશીવ તથા ફલેક્ચરલ સ્ટ્રેન્થ વાળો બને છે.
- હાલમાં રોડ બનાવવા માટે વપરાતી મશીનરી સિવાય અન્ય કોઈ વિશેષ મશીનરીની જરૂર પડતી નથી.
- સમગ્ર પ્રક્રિયા સરળ છે. જેમાં હાલની ટેકનોલોજીમાં નજીવા ફેરફાર કરવાના થાય છે. જેથી કોઈ નવી ટેકનોલોજીની જરૂરીયાત પડતી નથી.

**<u>પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરીને રોડ બનાવવાની પધ્ધતિ</u>**

- આ કામ માટે કચરાના નિકાલ દરમ્યાન સોલીડ વેસ્ટમાં લોકો દ્વારા ફેંકી દેવાની ૪૦ મી.મી. માઈક્રોન થી વધુ અને ૯૦ મી.મી. માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટીક બેગ્સના કચરાંનો ઉપયોગ કરવામાં આવશે.
- આ પ્લાસ્ટીક વેસ્ટમાંથી પી.વી.સી. અને બ્લેક પ્લાસ્ટીક સિવાયના વેસ્ટને સુકો કરી, સાફ કર્યા બાદ, તેને મશીનમાં ૨.૩૬ મી.મી. થી ૬૦૦ માઈક્રોન સાઈઝના ટુકડા કરવામાં આવશે.
- ત્યારબાદ પ્લાન્ટમાં એગ્રીગેટને ગરમ કર્યા પછી તેમાં ઉપર મુજબ સાઈઝમાં કરેલ ટુકડામાં પ્લાસ્ટીક વેસ્ટ ઉમેરવામાં આવશે. જે ૧૫૦° સે. થી વધુ તાપમાને પીગળીને ૩૦ થી ૪૫ સેકન્ડમાં એગ્રીગેટ ફરતે પ્લાસ્ટીકનું કોટીંગ કરશે.
- તે કોટીંગ થયા બાદ, તેમાં બીટ્યુમીન ઉમેરવામાં આવશે. આમ, આ રીતે તૈયાર થયેલ કમ્પોઝીટ મીક્ષને સામાન્ય હોટમીક્ષ મટીરીયલ્સની જેમ જ ૧૧૦° સે. થી ૧૩૦° સે. તાપમાને રોડ ઉપર પાથરી, કોમ્પેકશન કરવામાં આવે છે.

ઉપરોકત પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરી રોડ બનાવવા માટે ૧ મે. ટન બીટ્યુમીન દીઠ મહતમ ૮૦ કી. ગ્રા. થી ૧૦૦ કી.ગ્રા. પ્લાસ્ટીક વેસ્ટ વપરાશે. આવા પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરીને બનાવવામાં આવતા રોડનો દેખાવ સામાન્ય રોડ જેવો જ લાગશે જયારે તેની સ્ટ્રેન્થ, ડકટીલીટી, સોફટનીંગ પોઈન્ટ, હાર્ડનેશમાં વધારો થતો હોઈ, શહેરમાં ઉત્પન્ન થતા પ્લાસ્ટીક વેસ્ટનો રચનાત્મક ઉપયોગ થશે અને પોલ્યુશન તથા ગ્લોબલ વોર્મીંગમાં ઘટાડાના મદદરૂપ થઈ શકશે.

આ બાબતે શહેરના રસ્તાઓ પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ કરીને બનાવવા રૂા. ૧.૮૧ કરોડના અંદાજીત રકમના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
07 DEC 2016
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર સમાચાર માટે
નં. 1493



૧૪૯૪

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

(૧) સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૩, નોંધ નં.૨૮૦૧/એ/બી તથા ૨૮૦૨ ડોરીયાવાડ સલાબતપુરા, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા મંજુર પ્લાન વિરુઘ્ઘ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને કાયદેસરની નોટીસ પાઠવવામાં આવેલ, જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં, આશરે ૧૫૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પહેલા તથા બીજા માળનું આર.સી.સી. સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ તા.૦૫/૧૨/૧૬ ના રોજ અને તા. ૦૬/૧૨/૨૦૧૬ રોજ ના અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૫૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

૧૪૯૫

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૬/૧૨/૨૦૧૬

## પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ અલગ અલગ વિસ્તારમાં દબાણની કામગીરી

પૂર્વ(વરાછા)ઝોનના પુણા વિસ્તારમાં વિશ્વકર્મા જંકશનથી સીતાનગર ચોકડી, સહજાનંદ સોસાયટી થઈ સંતોષીનગર સુધીના ૧૫૦' ફુટના રોડ પર દબાણ ઝુંબેશ હાથ ધરી બંધ/છાપરા લારી નંગ–૦૭, ખુલ્લી લારી નંગ–૪૧, કેબીન/કાઉન્ટર નંગ–૦૨, અન્ય સામાન નંગ–૦૫ જપ્ત કરી દબાણ હટાવવામાં આવ્યું

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ ડે.ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ પૂર્વ(વરાછા)ઝોનનો, ઉધનાઝોનનો, લિંબાયત ઝોનનો દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી પાર પાડવામાં આવી તેમજ મોડી સાંજ સુધી કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં........1495........
તા.૦૬/૧૨/૨૦૧૬

૧૪૯૬

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૭.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૦.૦૨/– લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૯ લોકેશન (ખાડા) ૮૨૧.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૫૬.૮૯** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૬ લોકેશન (ખાડા) **૨૭૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૧૯૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ ૦૩**,** પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૨** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૬૩** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૨.૦૦** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૧૧** લાખ થયેલ છે., **૧૮** EC તથા **૧૧** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૭,૯૦૦**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૦૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**., ૨૩૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૧૯.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૭,૫૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૧૫૩** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૪૮૩** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૧૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૮૨** કરવામાં આવેલ છે. જયારે **૫૧** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૫૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૪૯૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૧/૧૨/૧૬ થી તા.૧૫/૧૨/૧૬ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૧૨/૧૬નાં રોજ **"નેવી ડે"** તેમજ તા.૦૭/૧૨/૧૬નાં રોજ **"ફ્લેગ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૭/૧૨/૧૬ના દરેક ઝોન વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ તથા પોલીસ ખાતાના કર્મચારીઓ ધ્વારા **"ફ્લેગ ડે"**ની ઉજવણી અને સ્વચ્છતા રેલી કરવા માટે જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૦૭/૧૨/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ, ઉધના, લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીના કર્મચારીઓ, NSS/NCC કેડેટસ, મ્યુ.કર્મચારીઓ તથા નગરજનોને સહભાગી બનાવી "**સ્વચ્છ સુરત – સ્વચ્થ સુરત**" સ્વચ્છતા રેલીનું આયોજન કરી જાહેર માર્ગો ઉપર "**સ્વચ્છ સુરત – સ્વચ્થ સુરત**" રેલી દ્વારા સ્વચ્છતા બાબતે જનજાગૃતિનું અભિયાન કરવામાં આવેલ હતું.

| રેલીની સંખ્યા | રેલીમાં હાજર રહેલાઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | પોલીસ કર્મચારી | NSS/NCC કેડેટસ | નગરજનો | મ્યુ.કર્મચારી |
| 3 | 45 | 54 | 108 | 54 |

વધુમાં પોલીસ કર્મચારીઓ, NSS/NCC કેડેટસ, મ્યુ.કર્મચારીઓએ નગરજનોને સ્વચ્છતા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૮.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૂડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૨** ફાઈલના **રૂા.૦.૦૪/– લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૯ **લોકેશન (ખાડા) ૭૩૪.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૫૫.૬૪** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૦૩ લોકેશન (ખાડા) **૨૪૫.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૨૧૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે, તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ: ૦૩, પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૫૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૩.૮૦** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૯૧** લાખ થયેલ છે., **૨૦ EC** તથા **૧૧ RC** નોધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૮,૨૯૩/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., **૨૩૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૧૨૪.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૫,૧૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૯૭૭૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪૬૬૬** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૭૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૪૧૭** કરવામાં આવેલ છે. જયારે **૪૦** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં...1498........**
**તા.૦૯–૧૨– ૨૦૧૬**

૧૪૯૯

# <u>પ્રેસનોટ</u>

## વેસ્ટઝોનમાં સૂકો અને ભીનો કચરો અલગ ના રાખતા ખાણીપીણીની લારી વાળા સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરી રૂા.૩૩,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલાયો.

વેસ્ટ ઝોન(રાંદેર)વિસ્તારમાં આરોગ્ય અધિકારીશ્રી ડાં.આશિષભાઈ નાયક સાહેબની સૂચના મુજબ તા.૦૭/૧૨/૧૬ અને તા.૦૮/૧૨/૧૬ ના રોજ સાંજે ૫ઃ૩૦ ક. થી રાત્રે ૮ઃ૩૦ ક દરમ્યાન સ્કવોર્ડ ની કામગીરી કરવામાં આવેલ. જેમાં રાંદેરઝોન વિસ્તારમાં એક જ સ્થળે ૧૦ વધુ ખાણીપીણીની લારીઓ ઉભી રહેતા જોગાણીનગર પાર્ટી પ્લોટ પાસે, પ્રાઈમ આર્કેડ સામે, ગુજરાત ગેસ સર્કલ પાસે, ઝુલેલા મંદિર થી સાક્ષી સર્કલ રામનગર બજાર વિગેરે ૧૪ સ્થળોએ આરોગ્ય વિષયક આકસ્મિક ચેકીંગ કરવામાં આવેલ તેમજ જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો નાંખતી સંસ્થા / દુકાનોમાં ડસ્ટબીન ચેક કરવા સાથે ભીનો/સૂકો કચરો અલગ ડસ્ટબીન રાખવા બાબતની સમજ આપવામાં આવેલ. જેમાં ભીના કચરાની ડસ્ટબીનમાં કીચન વેસ્ટ નાખવા અને સુકા કચરાની ડસ્ટબીનમાં પ્લાસ્ટિક, પાણીની ખાલી બોટલો વિગેરે નાખવાની સૂચના આપવામાં આવેલ. સદર કામગીરી નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક – ૦૨, આરોગ્ય નિરીક્ષક–૦૫, મદદનીશ આરોગ્ય નિરીક્ષક– ૦૬ ઘ્વારા ખાણી પીણીની ૨૨૧ લારીઓ ચેક કરી, ૬૨ કિ.ગ્રામ અખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવેલ તથા ન્યુસન્સ કરતા ૧૭૩ ઈસમો પાસેથી રૂા.૩૩,૩૦૦/– વહીવટી પરચૂરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ.

૧૫૦૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૧/૧૨/૧૬ થી તા.૧૫/૧૨/૧૬ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૧૨/૧૬નાં રોજ **"નેવી ડે"** તેમજ તા.૦૮/૧૨/૧૬નાં રોજ **"ફલેગ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૭/૧૨/૧૬ સુરત શહેરના ટ્રાફિક સ્ટાફ/પોલીસના સહયોગથી જાહેર માર્ગ અને ટ્રાફિક પોઈન્ટ ઉપર સ્વચ્છતા અભિયાન અને દબાણ(રોડ ઉપર) હટાવવાનું અભિયાન કરવા માટે જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૦૮/૧૨/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા સ્વચ્છતા બાબતે જનજાગૃતિ લાવવા ટ્રાફિક સ્ટાફ/પોલીસ, એન.જી.ઓ., નગરજનોના સહયોગથી જાહેર માર્ગ અને ટ્રાફિક પોઈન્ટ ઉપર સ્વચ્છતા અભિયાન કરવામાં આવેલ અને રોડ પરના દબાણ હટાવી નગરજનોને સ્વચ્છતા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવાનું આયોજન કરવામાં આવેલ હતું..

| ટ્રાફિક પોલીસ/સ્ટાફ | જાહેર માર્ગ/ ટ્રાફિક પોઈન્ટ | રોડ પરના દબાણ હટાવેલની સંખ્યા | કર્મચારી/એન.જી.ઓ. /નાગરીકો | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો(મે.ટન) | જંતુનાશક પાવડર(કિગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|
| 90 | 7 | 15 | 117 | 14 | 45 | 0.876 | 98 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરકકપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૫૦૧

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૦૨/૧૨/૨૦૧૬ થી તા.૦૮/૧૨/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૯૪,૫૮૧/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૮,૫૭૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી૧૦૦.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૨૫.૨૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૧૩૬ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૧,૩૭,૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૧૬ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૪,૦૭૦ અને ૫,૫૧૪ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૫૮,૪૮૦/– અને રૂા.૧,૯૯,૩૦૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૫૭,૭૮૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

१५०२

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાની તમામ કચેરીઓ તથા શાળા બોર્ડની કચેરીમાં તા.૧૨/૧૨/૨૦૧૬ ને સોમવારના રોજ જાહેર રજા જાહેર કરવામાં આવે છે. તેના બદલામાં તા.૧૩/૧૨/૨૦૧૬ ને મંગળવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રાખવામાં આવી છે.

આ રજાના સમય દરમ્યાન ખાસ આવશ્યક સેવાઓ જેવી કે, પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, સેનીટેશન વિભાગ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ તથા વોચ એન્ડ વોર્ડ વિભાગ જેવા ખાતાઓની કામગીરી ચાલુ રહેશે. જ્યારે અન્ય ખાતા / વિભાગોનું કામકાજ સંપુર્ણ બંધ રહેશે.

વધુમાં, તા.૧૩/૧૨/૨૦૧૬ ને મંગળવારના રોજ સુરત મહાનગરપાલિકાની તથા શાળા બોર્ડની કચેરી રાબેતા મુજબ ચાલુ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જનસંપર્ક વિભાગ
09 DEC 2016
સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદર સમાચાર યાદી
નં. 1502

૧૫૦૩

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૯/૧૨/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી.સ્કીમ નં.૨૨(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧૨, સબ પ્લોટ નં.૨૧૬ થી ૨૧૮, ગુરૂકૃપા ઈન્ડ.સોસાયટી ખાતે ૭૦૦ ચો.ફુટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ અને **વહીવટી ચાર્જ પેટે રૂા.૭૫,૦૦૦/—, ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૭૫,૦૦૦/—, સી.ડી.વેસ્ટ ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/—** વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી.સ્કીમ નં.૨૨(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧૩, ગુરૂકૃપા ઈન્ડ.સોસાયટી ખાતે હાઈટેન્શન લાઈન નીચે શરૂ કરવામાં આવેલ આશરે ૩૫૦ ચો.ફુટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ઘ્વારા કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ
# સાઉથઝોન(ઉધના)
# સુરત મહાનગરપાલિકા

**તા.૦૯.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂ.૦.૦૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૯ લોકેશન (ખાડા)** **૮૮૬.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૫૯.૯૩** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૭** લોકેશન (ખાડા) **૧૦૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–**૧૦** લોકેશન, **૨૧૪૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી.સ્કીમ નં.૨૨(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧૨, સબ પ્લોટ નં.૨૧૬ થી ૨૧૮, ગુરૂકૃપા ઈન્ડ.સોસાયટી ખાતે ૭૦૦ ચો.ફુટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ અને **વહીવટી ચાર્જ પેટે રૂ.૭૫,૦૦૦/–, ડીમોલીશન ચાર્જ પેટે રૂ.૭૫,૦૦૦/–, સી.ડી.વેસ્ટ ચાર્જ પેટે રૂ.૧૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ તથા સાઉથ ઝોન(ઉધના) માં ટી.પી.સ્કીમ નં.૨૨(ભેસ્તાન) ફા.પ્લોટ નં.૧૩, ગુરૂકૃપા ઈન્ડ.સોસાયટી ખાતે હાઈટેન્શન લાઈન નીચે શરૂ કરવામાં આવેલ આશરે ૩૫૦ ચો.ફુટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂ.૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૪૮ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૯૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૨૨.૪૨** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૯.૫૦** લાખ થયેલ છે., **૧૧** EC તથા ૦૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૬,૨૬૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂ.૧,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૧૩૦** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૩૦.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૪૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂ.૫,૬૫૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૩૮૬૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૩૨૬૨૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૩૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૧૫** કરવામાં આવેલ છે. જયારે **૪૬** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૫૦૫

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૧૦/૧૨/૧૬** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં મહિધરપુરા પોલીસ સ્ટેશન,કોલોની,દુધારાશેરી,નાડીયાવાડ,હિન્દુ ગાર્ડન કોલોની, બોમ્બે કોલોની,હરરાય સ્ટ્રીટ,ડી.કે.એમ સામે હરીજનવાસ,ગોપીતળાવ,ફાલસાવાડી જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સંસ્કાર કોલોની,દરજી મોહોલ્લો,દામાદ નગર,કૃષ્ણ કુંજ એપાર્ટમેન્ટ,તાપી કોમ્પલેક્ષ,સૂર્ય કિરણ એપાર્ટમેન્ટ,પટેલ મોહોલ્લો,માતાની ટેકરી,હિદાયત નગર સોસાયટી,સંતતુકારામ વિભાગ–૦૬,સાઈટ એન્ડ સર્વિસ ઝુપડપટ્ટી જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં ખટોદરા તથા ઉધના પોલિસ સ્ટેશનની આજુબાજુ,દેવીદર્શનનગર અને કૈલાષનગર,પ્રિયંકા સીટીગોલ્ડ સોસાયટી,તૃપ્તિનગર,પ્રભુનગર,મહાલક્ષ્મી નગર,સિદ્દીકીનગર,બાપુનગર જેવા વિસ્તારોમાં,લિંબાયત ઝોનમાં છત્રપતિ શિવાજીનગર,બુધ્ધ સોસાયટી,રાજીવનગર પોલીસ ચોક,આશાનગર,સોનિયાનગર,પ્રિયંકાનગર, કેશવનગર,ઉમિયાનગર–૧,૨,લી પોલીસ સ્ટેશન,લક્ષ્મીનારાયણ–૨,પટેલ ફળિયુ, હરીદ્વાર સોસાયટી,અંબિકા સોસાયટી રોશનીનગર,રામરાજયનગર,શકિત વિજય સોસાયટી,જલારામનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં પોલીસ લાઈન,પીપલોદ,ફ્લોરલપાર્ક,પ્રજ્ઞાનગર,ઈડબ્લ્યુએસ કવાટર્સ,ખેતીવાડી ફાર્મ આઝાદનગર, રસુલાબાદ ડો.હેગડેવારનગર,અલથાણ હળપતિવાસ,ગુ.હા.બોર્ડ જેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં ગુરૂકૃપા સો.,ગોપીનાથ – ૧,૨,ગીતા નગર,ખરી મોહલ્લો,રામ નગર,ઉત્રાણ,એચ–૨ આવાસ જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં દલિત વસાહત,મફત નગર,આંબેડકર નગર,જગદીશ નગર,લક્ષ્મણ નગર,કોહિનૂર સોસા.,રૂપમ સોસ.,શ્રીરામનગર, ભરતનગર,ખળી ફળિયું, બાંગ્લાદેશ,ક્રિષ્ના ટાઉનશીપ, સુદરમ, મુકિતધામ , વિક્રમનગર–૧જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **31918** | **68148** | **275** | **9988** | **841** | **2001** | **111** | **32100** | **60** | **26476** | **13770** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

૧૫૦૬

**-: પ્રેસ નોટ :-**

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના નવા રસ્તાઓ બનાવવા પાછળ અંદાજે વાર્ષિક ૩૦૦.૦૦ કરોડનો તથા તેના મરામત પાછળ અંદાજે વાર્ષિક રૂ.૭૦.૦૦ કરોડનો ખર્ચ થાય છે. શહેરના રસ્તાની ગુણવત્તા જળવાઈ રહે અને જાહેર જનતાને પડતી મુશ્કેલીઓ નિવારી શકાય તે માટે સુરત મહાનગરપાલિકા હરહમેંશ પ્રયત્નશીલ રહે છે. જેમાં ટેન્ડરની શરતો, થર્ડ પાર્ટી દ્વારા ઈન્સ્પેકશન (ટી.પી.આઈ.) તેમજ મહાનગરપાલિકાના સ્ટાફ દ્વારા ચેકીંગ, લેબોરેટરી ટેસ્ટીંગ કરાવવા વિ. નો સમાવેશ થાય છે, તેના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના ઈજનેરોઓ માટે તા.૧૦/૧૨/૨૦૧૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી. સવાણી રોડ, અડાજણ ખાતે મે. કમિશ્નરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ **"Construction Methodology and Quality Control for Road Works "** વિષય ઉપર ટ્રેઈનીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

જેમાં સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બનાવવામાં આવતા આસ્ફાલ્ટ રોડ, પોલીમરીક રોડ, સીમેન્ટ કોન્ક્રીટ રોડ તથા માઈક્રોસરફેસીંગ ટેકનીકથી રોડ બનાવવાની કામગીરી દરમ્યાન જાળવવા જોગ માપદંડો, રાખવાની થતી તકેદારી, લેબોરેટરી ટેસ્ટીંગ તથા તે દરમ્યાન ધ્યાને લેવા જોગ આગોતરા આયોજન સંદર્ભે વિસ્તુત જાણકારી આપવામાં આવેલ.

સદર વર્કશોપ દરમ્યાન રોડની કામગીરી સાથે સંકળાયેલ સુરત મહાનગરપાલિકાની વિવિધ ઝોન કચેરીઓ તથા મુખ્ય કચેરી ખાતે ફરજ બજાવતા ટેકનીકલ આસીસ્ટન્ટ, સુપરવાઈઝર, આસી./જુની. ઈજનેર તથા ડેપ્યુટી ઈજનેરશ્રીઓ હાજર રહેલ. આ વર્કશોપમાં મે. કમિશ્નરશ્રી, એડવાઈઝરશ્રી તથા આર.ડી.ડી. વિભાગ ધ્વારા વિસ્તુત માર્ગદર્શન આપવામાં આવેલ.

D:\GIRISH DONGA\PRESS NOTE - NEW.doc

૧૫૦૭

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં લોકાર્પણ/ખાતમુહૂર્ત થયેલ વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને આજરોજ રાખવામાં આવેલ.

લિંબાયત ઝોન વિસ્તારમાં સવારે ૦૯:૦૦ કલાકે સમ્રાટ સ્કૂલની સામે,બી.આર.ટી.એસ. કેનાલ રોડ, ડુંભાલ ખાતે વાંચનાલયની લોકાર્પણવિધિ,ગોડાદરા ખાતે પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ,આંજણા ખાતે નવી શાળાની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ.

વરાછા ઝોન વિસ્તારમાં સવારે ૦૯:૩૦ કલાકે આઈમાતા ફલાયઓવર બ્રિજની નીચે આવેલ ઈ–ટોયલેટ (સંખ્યા–૨) તથા બોમ્બે માર્કેટ સામે ઈ–ટોયલેટ (સંખ્યા–૧) ની લોકાર્પણ,પુણા ખાતે આવેલ ગાર્ડનની લોકાર્પણ,પુણા–સીમાડા ખાતે ગાર્ડનના લોકાર્પણ તથા પુણા ખાતે આવેલ હેલ્થ સેન્ટરના ખાતમુહૂર્તની તકતીઓની અનાવરણવિધિ કરવામાં આવેલ છે.

અઠવા ઝોન તથા રાંદેર ઝોન વિસ્તારમાં સવારે ૧૦:૩૦ કલાકે ખજોદ લેક ગાર્ડન,વેસુ ખાતે ESR–૨૦,૨૧ ઓવરહેડ ટાંકી,મોરાભાગળ ખાતે ESR- ૨ ઓવર હેડ ટાંકી,જહાગીરાબાદ ખાતે ESR–૬,૩ અને ૪ ઓવર હેડ ટાંકીની ખાતમુહૂર્તની તકતીઓની અનાવરણવિધિ કરવામાં આવેલ છે.

ઉધના ઝોન વિસ્તારમાં ૧૧:૦૦ કલાકે ગાંધી કુટીર બ્રિજ તરફ જતો રસ્તો,કૈલાશ નગર ચોકડી પાસે,બમરોલી,સુરત ખાતે હોસ્પિટલની ખાતમુહૂર્તવિધિ,પાંડેસરા ખાતે મધ્યસ્થ વાંચનાલય,ઉધના વિસ્તારમાં ૧૧ પે એન્ડ યુઝ ટોયલેટ અને ઉન લેક ગાર્ડનની તકતીઓની અનાવરણવિધિ કરવામાં આવેલ છે.

બમરોલી ખાતે જાહેર સમારંભનું આયોજન કરવામાં આવેલ હતુ જેમાં સૌ પ્રથમ તમામ મહાનુભવોએ તકતીઓની અનાવરણવિધિ કરી હતી

શ્રી એમ.નાગરાજન  માન.ડે.કમિશનરએ ઉપસ્થિત તમામ મહાનુભાવનું  સ્વાગત કરી મંચસ્થ મહાનુભવોને પુસ્તક આપી તેમનું સન્માન કરવામાં આવેલ

શ્રી ગિરિજાશંકર મિશ્રા,માન.નેતા,શાસકપક્ષશ્રીએ  તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે વોર્ડ નંબર–૨૮ માટે આજે ઐતિહાસીક દિવસ છે.બમરોલીની જનતામાં ખુશીની વાત છે કે આ વિસ્તારમાં  બે (૨) સુમન શાળા અને એક (૧) ઉડીયા શાળા બનાવવાના કામને પણ મંજુરી મળી ગઈ છે.આ વિસ્તારમાં તમામ લોકોને દવા માટે બહાર ભાડું ખર્ચીને જવુ પડતુ હતુ પરંતુ આ હોસ્પિટલના નિર્માણ પછી તેઓ બહાર દવા લેવા માટે જવાનું રહેશે નહિ બમરોલી વિસ્તારના વિકાસ માટે સુરત મહાનગરપાલિકા હમેશા તૈયાર છે.સમગ્ર દેશમાં સુરત મહાનગરપાલિકા એવી

પ્રથમ મહાનગરપાલિકા છે કે જેણે વેરા બિલના કબ્જેદારો માટે વીમા યોજના શરૂ કરી છે.પ્રજાના વિકાસ માટે સુરત મહાનગરપાલિકા જે કાર્યો કરી છે તે બદલ તેમણે સમગ્ર બમરોલી વિસ્તારની જનતા તરફથી આભાર વ્યકત કર્યો હતો.

શ્રી પુર્ણેશભાઈ મોદી માન.સંસદીય સચિવ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજય તેમણે ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકા દરેક ઝોનમાં હંમેશા નવા નવા પ્રકલ્પોનું આયોજન કરતી રહી છે તેના કારણે જ આજે સમગ્ર શહેર પ્રગતિના પંથ પર અગ્રેસર થઈ શકયુ છે.ગુજરાત સરકારે  હાલમાં દવાઓનું વિતરણ શરૂ કર્યુ છે.આવનાર સમયમાં કોઈપણ દવા માટે ૮૦% ડિસ્કાઉન્ટ મળશે આમ ગુજરાત સરકાર હંમેશા આવા નવો પ્રોજેકટો,યોજનાઓ શરૂ કરવામાં દેશભરમાં અગ્રેસર રહયુ છે.માનવીના જીવન માટે જરૂરી એવી પ્રાથમિક સુવિધાઓ જેવી કે હોસ્પિટલ,રસ્તા,પાણી,ગાર્ડન,ડ્રેનેજની સુવિધા પુરી પાડવામાં સુરત મહાનગરપાલિકા હંમેશા તૈયાર  રહે છે.જાતિવાદ,પ્રાંતવાદ ને બદલે રાષ્ટ્રવાદની ભાવના રાખી સુરત મહાનગરપાલિકા લોકોને સુવિધાઓ પુરી પાડે છે.

માન.મેયર અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા વિકાસરૂપી કર્યો કરી વિકાસના પંથ પર ઝડપથી આગળ વધી રહી છે.લોકોની પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં માટે હંમેશા તૈયાર રહે છે.કબ્જેદારો માટે વીમા યોજના પણ શરૂ કરી છે.સુરત શહેરના વિકાસ માટે પર્યાવરણ પણ ઘણુ મહત્વ રાખે છે.લોકોએ પણ વધુને વધુ વૃક્ષો રોપવા જોઈએ જેથી પર્યાવરણ સારુ રહે અને લોકોને સારુ પર્યાવરણ મળવાથી તેમના આરોગ્ય પણ જળવાઈ રહે,આજ સુધીમાં સુરત મહાનગરપાલિકાએ શહેરને ૧૪૮ ગાર્ડન/શાંતિકુંજ શહેરને અર્પણ કરેલ છે.વાંચનાલયો બનાવી લોકોના હિતમાં સુરત મહાનગરપાલિકા કામ કરી રહી છે.બમરોલીમાં હોસ્પિટલમાં ખુબ જ ઓછી કિંમતે ઓપરેશનો થશે અને ગરીબોના પૈસાનો બચાવ થશે.

શ્રી શંકરલાલ ચેવલી માન.ડે.મેયરશ્રીએ આભારવિધિ કરી હતી અને વધુમાં તેમણે જણાવ્યું હતુ કે સમગ્ર દેશમાં સુરત સ્વચ્છતામાં  ૬થા ક્રમે છે જો આપશ્રી પોતાની પ્રાથમિક જવાબદારી ગણી સ્વચ્છતાને અગ્રિમતા આપશો તો આવનાર સમયમાં સુરત શહેર સ્વચ્છતાની નંબર–૧ બની રહેશે.

આ પ્રસંગે માન.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા), માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.અધ્યક્ષ,જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ,માન.અધ્યક્ષ, પાણી સમિતિ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.અધ્યક્ષ, આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા,માન.અધ્યક્ષા, સમાજ કલ્યાણ,આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ,માન.અધ્યક્ષા,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સરતાનપરા, માન.મ્યુકમિશનર શ્રી એમ.થેન્નારસન,I.A.S.,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ તથા ખુબ મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



























૧૫૦૮

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૧/૧૨/૧૬ થી તા.૧૫/૧૨/૧૬ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૧૨/૧૬નાં રોજ **"નેવી ડે"** તેમજ તા.૦૭/૧૨/૧૬નાં રોજ **"ફ્લેગ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૯/૧૨/૧૬ સુરત શહેરના ટ્રાફિક પોલીસ ધ્વારા ચાર રસ્તા અને જાહેર માર્ગો પર સ્વચ્છતા અંગેના બેનરો/પોસ્ટરો લગાવવાનું અભિયાન કરવા માટે જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૦૯/૧૨/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા સ્વચ્છતા બાબતે જનજાગૃતિ લાવવા માટે ટ્રાફિક પોલીસ, નગરજનોની સંયુકત ટીમો દ્વારા ચાર રસ્તા અને જાહેર માર્ગોપર સ્વચ્છતા અંગેના બેનરો/પોસ્ટરો લગાવી અને રોડ પરના દબાણ હટાવી જાહેર જનતાને સ્વચ્છતા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવાનું આયોજન કરવામાં આવેલ હતું.

| ટ્રાફિક પોલીસ/સ્ટાફ | જાહેર માર્ગ/ટ્રાફિક પોઈન્ટ | બેનરો/પોસ્ટરો | કર્મચારી/નાગરીકો | સુપરવાઈઝર | કામદાર |
|---|---|---|---|---|---|
| 63 | 20 | 198 | 227 | 18 | 60 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૫૦૯

# પ્રેસ નોટ

.......................

## માહે નવેમ્બર ૨૦૧૬ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર

હોસ્પીટલમાં માહે નવેમ્બર ૨૦૧૬ દરમ્યાન ૫૦૪૮ ઈન્ડોર તથા ૪૮૮૯૯ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૧૫૮ તથા ૬૦૧ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૧૩૧૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૭૦૪ અને જુના ૧૨૩૦ દર્દીઓ સહીત કુલ ૧૯૩૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૧૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૨૫ તથા આંખ વિભાગમાં ૨૯૮૯ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૭૬૭૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

૧૫૧૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારતસરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૪/૧૨/૧૬નાં રોજ "નેવી ડે" તેમજ તા.૦૭/૧૨/૧૬નાં રોજ "ફલેગ ડે" નિમેતે તા.૧૦/૧૨/૧૬ દરમ્યાન પોલીસ વિભાગ અને સૈનિકોનાં સહયોગથી સંયુકત મહાસફાઈ અભિયાન તથા ડ્રાય ડે(વાહક જન્ય રોગ નિયત્રંણ)નું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૦/૧૨/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પોલીસ વિભાગ, સૈનિકો તથા આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી સ્લમ વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છર જન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 31918 | 68148 | 289 | 9888 | 841 | 2001 | 111 | 32100 | 19 | 26476 | 16179 |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે ઢકાંવાની કાર્યવાહી કરાવવામાં આવેલ હતી તેમજ રહીશોને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે twitter એકાઉન્ટ @SwachhSurat શરૂ કરવામાં આવેલ છે તેમજ તાવ અંગેની માહિતી મેળવવા હેલ્પલાઈન નંબર ૧૦૪ શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ ઉપયોગ કરવા જાહેર અપીલ કરવામાં આવે છે.